| | | |
|---|---|---|
| સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક | એસ.એસ.આઈ સુરેન્દ્રનગર **શાખા**,દરબાર બોર્ડીંગ સામે, ભક્તિનંદન સર્કલ પાસે, વઢવાણ, ડિસ્ટ્રિક્ટ:- સુરેન્દ્રનગર ફોન- **૭૫૭૪૮૦૮૨૨૯ / ૭૫૭૪૮૦૮૪૬૯. ઈ-મેઈલ:** **sgb00229@sgbrrb.org** | **સરફાએસી એક્ટ ૨૦૦૨ અંતર્ગત સ્થાવર મિલકતોના વેંચાણ માટેની ઈ-હરરાજી નોટીસ** |

**સ્થાવર મિલકતોની ધી સીક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨, ધી સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાણે લઇ તે તળેની ઈ-હરરાજીની વેંચાણ નોટીસ**

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને સબંધિત ઉધારકર્તાઓ તથાજામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કર્યા મુજબની સ્થાવર મિલકતો સદર સુરક્ષિત લેણદાર સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકને ગીરવે/ તારણે કરી આપેલ છે અને જેનો પ્રત્યક્ષ કબજો સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકના અધિકૃત અધિકારીએ મેળવેલ છે તે મિલકતો સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકના સબંધિત ઉધારકર્તાઓતથા જામીનદારો પાસે નીચેની વિગતે બાકી નીકળતા લ્હેણાની વસુલાત માટે "જ્યાં છે ત્યાં છે", "જે છે તે છે" અને "જે કંઈ ત્યાં છે" ના ધોરણે **૪ સપ્ટેમ્બર, ૨૦૨૪**ના રોજ ઈ-હરરાજી દ્વારા વેંચાણ કરવામાં આવશે.ઉધારકર્તાઓતથા જામીનદારો, જેની વસુલાત માટે મિલકતો વેંચવાની છે તે સુરક્ષિત લ્હેણાની રકમ, સુરક્ષિત મિલકત/તો ની વિગત, અનામત રકમ (રીઝર્વ પ્રાઇસ), બાનાની રકમ (અર્નેસ્ટ મની ડીપોઝીટ), ઈ-હરરાજીની તારીખ અને સમય અને હરરાજીમાં બોલીમાં વધારો કરવાની રકમ (Bid Increase Amount) વિગેરે ની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ઉધારકર્તા તથા જામીનદારોના નું નામ અને સરનામુ | વસુલવાપાત્ર લ્હેણું | સ્થાવરમિલકતની વિગત | અનામત કિમત (રૂ.) | બાનાની રકમ (રૂ.) | બોલીમાં વધારો કરવાની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | (૧) ભવાની એન્ટરપ્રાઇજ (પ્રોપરાઈટર:- શ્રી મયંક પ્રફુલચંદ્ર પંડિત),૨, પ્લોટ નં-C-૧/૬૧૮,ફેસ-૩,જીઆઇડીસી વઢવાણ, સુરેન્દ્રનગર<br>(૨) મયંક પ્રફુલચંદ્ર પંડિત ( ઉધારકર્તા), ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર<br>(૩) વીરલબેન પ્રફુલચંદ્ર પંડિત( ઉધારકર્તા/ જામીન), ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર<br>(૪) હિમતભાઈ (હેમંત) માવજીભાઇ મોરસિયા(પટેલ) ( ઉધારકર્તા /જામીન), ગલી નં-૪ ,ચોરા પાસે,રતનપર,સુરેન્દ્રનગર<br>(૫) અંબરીશ પ્રફુલચંદ્ર પંડિત ( જામીન), ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર<br>(૬) આશિષ હિમતભાઈ મોરસિયા ( ઉધારકર્તા/ જામીન), ગલી નં-૪ ,ચોરા પાસે,રતનપર,સુરેન્દ્રનગર | સરફાએસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ (૨) હેઠળ તા. ૧૦.૧૧.૨૦૨૧ની માંગણા નોટીસ મુજબ:<br>ફંડ આધારિત લ્હેણી રકમ:<br>રૂ.૭૪,૫૭,૩૦૦/- (અંકે રૂપિયા ચિમોતેર લાખ સતાવન હજાર ત્રણસોપુરા) (+) ત્યારબાદનું તેની ઉપરનું વ્યાજ, ખર્ચાઓ વિ. (-) ત્યાર બાદની વસુલાત | લોટ નં. ૧:બ્લોકનં ૨(p) ૨/2 (દક્ષિણ બાજુ) ,સુરેન્દ્રનગર સીટી સર્વે વોર્ડ નં૨, સીટી સર્વે ૫૧૮૬,જીનતાનરોડ,સુરેન્દ્રનગર તા-વઢવાણ જી-સુરેન્દ્રનગર<br>પૂર્વ:બ્લોક નં-૯ , પશ્ચિમ:૪૦ ફીટ રોડ,ઉત્તર: બ્લોક નં-૨ (p)૨/૧, દક્ષિણ:બ્લોક નં-૯ | ૬૩,૭૦,૪૫૦/- | ૬,૩૭,૦૪૫/- | ૨૫,૦૦૦/- |
| | | | લોટ નં. ૨ : રેવન્યુ સર્વે નં ૧૯૧૪-૧ પૈકી,સીટી સર્વે નં ૪૦, વોર્ડનં ૩,ઇન્દ્રપ્રસ્થ સોસાયટી ,૮૦ ફૂટ રોડ,વઢવાણ<br>પૂર્વ:૭.૫૦ મીટર રોડ, પશ્ચિમ:લાગુ ફાઇનલ પ્લોટ નં-૧૫,ઉત્તર: પ્લોટ નં-૪, દક્ષિણ: પ્લોટ નં-૨ | ૫૮,૩૫,૩૭૫/- | ૫,૮૩,૫૩૮/- | ૨૫,૦૦૦/- |
| ૨ | ૧.ભવાનીઇન્ડસ્ટ્રીઝ (પ્રો.ઇલાબેન ત્રિભોવનદાસ જોબનપુત્રા),વિશ્વકુંજ સોસાઇટી નં-૧૦ ના પાછ્ડ, દેરાસર રોડ, રતનપર, વઢવાણ,સુરેન્દ્રનગર<br>૨.અંબરીશભાઈપ્રફુલચંદ્ર પંડિત ( ઉધારકર્તા/ જામીન), ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર<br>૩.ઇલાબેન ત્રિભોવનદાસ જોબનપુત્રા( ઉધારકર્તા/ જામીન) ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર<br>૪.આશિષ હિમંતભાઈ મોરસીયા( જામીન) ગલી નં-૪ ,ચોરા પાસે,રતનપર,સુરેન્દ્રનગર<br>૫. મયંક પ્રફુલચંદ્ર પંડિત (જામીન), ૨, મર્ચન્ટ સોસાઇટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર | સરફાએસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ (૨) હેઠળ તા. ૧૦.૧૧.૨૦૨૧ ની માંગણા નોટીસ મુજબ:<br>ફંડ આધારિત લ્હેણી રકમ:<br>રૂ. ૬૫,૦૩,૯૨૯/- (અંકે રૂપિયા પાશઠ લાખ ત્રણ હજાર નવસો ઓગન્ત્રીસ પુરા) (+) ત્યારબાદનું તેની ઉપરનું વ્યાજ, ખર્ચાઓ વિ. (-) ત્યાર બાદની વસુલાત | લોટ નં. ૩: બ્લોકનં ૨(p) ૨/૧ (ઉતર બાજુ) ,સુરેન્દ્રનગર સીટી સર્વે વોર્ડ નં૨, સીટી સર્વે નં ૫૧૮૬,જીનતાનરોડ,સુરેન્દ્રનગર તા-વઢવાણ જી-સુરેન્દ્રનગર<br>પૂર્વ:બ્લોક નં-૯ , પશ્ચિમ:૪૦ ફીટ રોડ,ઉત્તર: બ્લોક નં-૧, દક્ષિણ:બ્લોક નં-૨(p)૨/૧૨ | ૬૨,૫૯,૩૦૦/- | ૬,૨૫,૯૩૦/- | ૨૫,૦૦૦/- |

**મહત્વની તારીખો:**

- મિલકતોના નિરીક્ષણની તારીખ અને સમય: મિલકત લોટ નં. ૧,૨ તથા ૩ માટે: **તા. ૦૨.૦૯.૨૦૨૪, સવારના ૧૧.૦૦ થી બપોરના ૪.૦૦ સુધી**
- બાનાની રકમ શાખાના ઇન્ટરમીડીયરી ખાતા -ખાતા નં. ૭૮૦૦૨૯૮૦૬૯૦માં IFSC Code:SGBA0000229 થી ભરવાની તથા અધિકૃત અધિકારીને જરૂરી દસ્તાવેજો પહોંચતા કરવાની છેલ્લી તારીખ: **તા. ૦૩.૦૯.૨૦૨૪ ના બપોરના ૫.૦૦ સુધી**
- ઈ- હરરાજી ના તારીખ અને સમય: **તા. ૦૪.૦૯.૨૦૨૪, સવારના ૧૧.૦૦ થી બપોરના ૨.૦૦**(બંધ થવાની છેલ્લી ૫ મીનીટમાં બોલી (બીડ) આવે તો આપમેળે એક્ષટેન્શન સાથે)

**નિયમો અને શરતો:**

૧. હરરાજી/ બોલી "ઓનલાઈન ઈ – હરરાજી" થી https://sarfaesi.auctiontiger.netવેબસાઈટ દ્વારા ઉપરોક્ત સમયે અને તારીખે થશે.

૨. હરરાજીમાં રસ ધરાવતા બોલી બોલનારાઓએ બાનાની રકમ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) પેટે રીઝર્વ કિમતના ૧૦% રકમ NEFT/ RTGSથી સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, મોરબી શાખાના ઇન્ટરમીડીયરી ખાતા -ખાતા નં. ૭૮૦૦૨૯૮૦૬૯૦ માં IFSC Code: SGBA0000229થી જમા કરાવવાની રહેશે, અને બાનાની રકમ ભર્યા બાદ, તેમણે/ તેણીએ (૧) બાનાની રકમ જમા કરાવ્યાના પુરાવા રૂપે NEFT/ RTGSકર્યાના UTR Number (૨) પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (૩) ઓળખ તથા સરનામાના પુરાવા (જેવાકે આધાર કાર્ડ/ મતદાર ઓળખપત્ર/ ડ્રાઈવીંગ લાયસન્સ/ પાસપોર્ટ) ની સ્વ પ્રમાણિત નકલ (૪) પાન કાર્ડ ની સ્વ પ્રમાણિત નકલ (૫) સંપર્ક નંબર (મોબાઈલ નંબર કે લેન્ડ લાઈન નંબર) અને (૬) માન્ય ઈ-મેઈલ એડ્રેસ (કે જેની ઉપર ઈ-હરરાજી કરાવનાર દ્વારા હરરાજી પ્રક્રિયામાં સામેલ થવાનો યુઝર આઈડી અને પાસવર્ડ મોકલવામાં આવશે) વિ. વિગતો/દસ્તાવેજો અધિકૃત અધિકારી ને, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, એસ.એસ.આઈ. દરબાર બોર્ડીંગ સામે, ભક્તિનંદન સર્કલ પાસે, વઢવાણ, ડિસ્ટ્રિક્ટ:- સુરેન્દ્રનગર ફોન- ૭૫૭૪૮૦૮૨૨૯ / ૭૫૭૪૮૦૮૪૬૯ સરનામે તા. ૦૩.૦૯.૨૦૨૪ ના બપોરના ૫.૦૦ સુધીના સમયમાં પહોંચતા કરી દેવાના રહેશે. આ તમામ (૧) થી (૬) સુધીમાં જણાવેલ વિગતો/દસ્તાવેજો અધિકૃત અધિકારીને ઈ-મેઈલ: sgb00229@sgbrrb.orgઉપર પણ મોકલી શકાશે.

૩. રસ ધરાવનાર બોલી બોલનારાઓએ ઈ-હરરાજીમાં ભાગ લેતા પહેલા મે. ઈ-પ્રોકયુરમેન્ટ ટેક્નોલોઝીઝ લી. પાસેથી યુઝર આઈડી અને પાસવર્ડ (જે હરરાજી માં ભાગ લેવા માટે જરૂરી છે) તેમજ ઈ-હરરાજી અંગે તાલીમ/માર્ગદર્શન મેળવી લેવા. આ માટે બોલી બોલનારાઓએ પોતાનું માન્ય ઈ-મેઈલ એડ્રેસ/ ઈ-મેઈલ આઈડી અને પાન નંબર હોવા જોઈએ. આ સંદર્ભે વધુ માહિતી/વિગતો મેળવવા મે. ઈ-પ્રોકયુરમેન્ટ ટેક્નોલોઝીઝ લીમીટેડ (ઓક્શન

ટાઇગર),બી-૭૦૪, વોલ સ્ટ્રીટ-૨, ઓરીએન્ટ ક્લબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬, કોન્ટેક્ટ પર્સન: રામ શર્મા (મોબાઈલ)-૯૯૭૮૫૯૧૮૮૮, બીડર સપોર્ટ:- ૯૨૬૫૫૬૨૮૨૧ / ૧૮, ટેલીફોન નં. ૦૭૯-૬૮૧૩૬૮૮૦ / ૬૮૧૩૬૮૩૭, ઈ-મેઈલ એડ્રેસ support@auctiontiger.net, ramprasad@auctiontiger.net નો સંપર્ક કરવો.

૪. રસ ધરાવનાર બોલી બોલનારાઓને ઈ-હરરાજીમાં ભાગ લેતા પહેલા હરરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મે. ઈ-પ્રોકયુરમેન્ટ ટેક્નોલોઝીઝ લી. ની વેબસાઈટ https://sarfaesi.auctiontiger.netજોઈ જવા પણ ખાસ સૂચિત કરવામાં આવે છે.

૫. બાનાની રકમ (અર્નેસ્ટ મની) જમા કરાવ્યા વિનાની કે પૂરતા જરૂરી દસ્તાવેજો પહોચતા જમા કર્યા વિનાની ઓફરો રદ્દ કરી દેવામાં આવશે.

૬. રસ ધરાવનાર પાર્ટી/ સંભવિત બોલી બોલનારાઓએ વધુ માહિતી/વિગતો મેળવવા માટે અધિકૃત અધિકારી ને, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, એસ.એસ.આઈ. દરબાર બોર્ડીંગ સામે, ભક્તિનંદન સર્કલ પાસે, વઢવાણ, ડિસ્ટ્રિક્ટ:- સુરેન્દ્રનગર,મો. ૭૫૭૪૮૦૮૨૨૯ / ૭૫૭૪૮૦૮૪૬૯, ઈ-મેઈલ: sgb00229@sgbrrb.orgઅને r2credit@sgbrrb.org નો સંપર્ક પણ કરી શકે છે.

૭. ઈ-હરરાજી પ્રક્રિયા અંતે જે બોલી બોલનારની બોલી સૌથી ઉંચી હશે તેને સફળ બોલીકાર જાહેર કરવામાં આવશે અને બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન ઈલોકટ્રોનીક માધ્યમથી આ બાબતે જાણ કરવામાં આવશે.

૮.જે તે મિલકત અથવા લોટ માટે ખરીદીમાં રસ ધરાવનાર/ સંભવિત બોલી બોલનાર એકજ વ્યક્તિ હોય અને તે વ્યક્તિ ઈ-હરરાજી પ્રક્રિયામાં ભાગ લેવા લાયક ઠર્યા બાદ ઈ-હરરાજી પ્રક્રિયામાં સામેલ થયા હોય તો તેવા કિસ્સામાં તે વ્યક્તિ હરરાજી પ્રક્રિયા દરમ્યાન સમય મર્યાદામાં બોલી/ ઓફર ના કરે તો પણ તેમને તે મિલકત અથવા લોટ માટેના તેની ન્યુનતમ અનામત કિમત માટેના સફળ બોલીકાર જાહેર કરવામાં આવશે અને બેંકના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન ઈલોકટ્રોનીક માધ્યમથી આ બાબતે જાણ કરવામાં આવશે.

૯. સફળ બોલી બોલનારે વેંચાણ કિમતની ૨૫% રકમ તાત્કાલિક જમા કરાવવાની રહેશે. બાકીની રકમ વેંચાણ પાક્કુ થયે ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. જો આમ કરવામાં નહિ આવેતો બેંક ખરીદનારની અગાઉ જમા કરાવેલ રકમ (બાનાની રકમ સહીત) જપ્ત કરશે. ચુકવણીમાં કસુર થતા મિલકત બીજા હાઈએસ્ટ ઓફરર/ બોલી બોલનારને ઓફર કરાશે અથવા ફરી વેંચવામાં આવશે અને કસુરવાર ખરીદનારનો કંઈ પણ પ્રકારનો કોઈ દાવો રહેશે નહિ. મિલકત ઉપરના કોઈ પણ કાયદાકીય કે અન્ય પ્રકારના બાકી ચૂકવવાપાત્ર લ્હેણા, જો કોઈ હશે તો તે, ખરીદનાર દ્વારા ચૂકવવાના રહેશે.

૧૦. જો સદર વેંચાણ પેટે જમા કરેલ કે ચૂકવેલ કુલ રકમ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ હશે તો આવકવેરા કલમ ૧૯૪-૧-એ અંતર્ગત ૧% લેખે ટીડીએસ ચૂકવવાની જવાબદારી તે સફળ બોલી બોલનાર / ખરીદદારની રહેશે. ટીડીએસ ઓનલાઈન ફોર્મ નં ૨૬ ક્યુબી ભરીને ભરવાનો રહેશે. સાથે ટીડીએસ સર્ટીફીકેટ ફોર્મ નં ૧૬ બી માં રજુ કરવાનું રહેશે. ખરીદદારે ઈ-હરરાજીના ૧૫ દિવસમાં સરકારી ખાતામાં ટીડીએસ (ઇન્કમટેક્ષ) ભર્યાનો પુરાવો રજુ કરવાનો રહેશે.

૧૧. જો કોઈ પણ કારણોસર વેંચાણ પાક્કુ કરવામાં ન આવે કે રદબાતલ ગણવામાં આવે તો વેંચાણને લાગુ જો કોઈ આકસ્મિક ખર્ચા આવે તો તે તમામ ખર્ચા બોલી બોલનારે ભોગવવાના રહેશે અને તેમને આ નુકસાન પેટે વળતરનો હક્ક રહેશે નહી.

**૧૨. બોલી બોલનારે તેના દ્વારા બોલવામાં આવેલી બોલી (કોઈપણ ખોટી બોલી સહિત) થી ઉદ્ભવતા તમામ પરિણામો માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને બેંક દ્વારા આ સંદર્ભમાં કોઈ ફરિયાદ/રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આથી બોલી બોલનારે બોલીની રકમ ને લઇ ને સાવચેત રહેવું તથા બોલીની રકમની પુષ્ટિ કરવી અને જો જરૂરી જણાય તો બોલીમાંમાં ફેરફાર/સુધારો કરી ને જ બોલી ની રકમ બોલવી.**

૧૩. મિલકત/તો ના વેંચાણ બાબતે બેંક/ અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી, બંધનકર્તા અને અપ્રશ્નાર્થ રહેશે. બેંક કોઈ પણ કારણો આપ્યા વિના આ હરરાજી રદ કે મુલ્તવી રાખવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.

૧૪. વેંચાણ કીમત પુરેપુરી ભરી દેતા અને વેંચાણ પ્રક્રિયા પૂરી થતા સફળ બોલી બોલનાર/ ખરીદદારને સરફેસી નિયમ મુજબનું વેંચાણ સર્ટીફીકેટ આપવામાં આવશે. સફળ ખરીદદારે આ વેંચાણ સર્ટીફીકેટના રજીસ્ટ્રેશન / નોંધણી માટે હાલના/ભવિષ્યના તમામ વેરાઓ, સ્ટેમ્પ ડ્યુટી, રજી. ફી અને આકસ્મિક ખર્ચાઓ ભોગવવાના રહેશે.

૧૫. આ નોટીસ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ઉધારકર્તાઓ / જામીનદારો ને પણ નોટીસ છે.

૧૬. બોલી બોલનાર હરરાજીમાં પોતાના પસંદગીના સ્થળ ઉપરથી ભાગ લઇ શકશે. ઈન્ટરનેટ જોડાણની વ્યવસ્થા તેણે પોતેજ કરવાની રહેશે. ઈન્ટરનેટ જોડાણ, નેટવર્ક મુશ્કેલી, સીસ્ટમ ભાંગી પડવી, વીજળી જતી રહેવી વિ. માટે બેંક કે સેવા આપનાર જવાબદાર રહેશે નહી.

૧૭. અસફળ બોલી બોલનારાઓને ઈ-હરરાજીની પ્રક્રિયા પૂરી થયાના ત્રીજા દિવસે તેની બાનાની રકમ પરત આપવામાં આવશે. અસફળ બોલી બોલનારાઓને પરત અપાતી બાનાની રકમ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી.

૧૮.બેંકને જ્યાં સુધી જાણ અને માહિતી છે ત્યાં સુધી વેંચાણ કરવામાં આવનાર મિલકત ઉપર આ બેંક સિવાય કોઈનું લ્હેણું કે બોજો નથી, આમ છતાં રસ ધરાવતા બોલી બોલનારે બોલી બોલતા પહેલા મિલકત ઉપરના કોઈ પણ દાવા, ચાર્જ કે બેંક સિવાય કોઈ પણ ઓથોરીટીના લ્હેણા બાબતે ઊંડી તપાસ કરી લેવી તેમજ મિલકતના ટાઈટલ, ગુણવત્તા, જથ્થા અને સંખ્યા અંગે જાતે સંતોષ મેળવી લેવો.

૧૯. આ વેંચાણ કોઈ પણ પ્રકારની વોરન્ટીઝ અને ઇન્ડેમ્નીટીઝ વિનાનુ હોઈ, આ મિલકતો "કોઈ પણ જવાબદારી વિના" ના ધોરણે વેંચવામાં આવશે.

૨૦. જો ઉધારકર્તા હરરાજી વેંચાણની તારીખ પહેલા બેંકનું લ્હેણું પૂરેપૂરું ભરી આપશે તો હરરાજી બંધ, રદ્દ કે પરત ખેંચી લેવાશે.

૨૧. વેંચાણ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ની શરતો તેમજ ભારત સરકારની આ સબંધેની સૂચનાઓ અન્વયેની બેન્કની માર્ગદર્શિકાની શરતોને આધીન રહેશે.

૨૨. પ્રાથમિક બોલીની રકમ રીઝર્વ પ્રાઈસ/ અનામત કીમત જેટલી અથવા તેના કરતા વધુ હોવી જોઈએ અને ત્યાર બાદ બોલી બોલનાર તેની બોલી/ઓફર રૂ. ૨૫૦૦૦/- ના ગુણાંકમાં વધારી શકશે.

**આ નોટીસને ઉધારકર્તાઓ તથા જામીનદારો માટે સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ,૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ૩૦ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ પણ ગણવામાં આવશે.**

ઉધારકર્તાઓ તથા જામીનદારોને આથી ઉપર જણાવેલ વસુલવાપાત્ર લ્હેણું જે તે તારીખના વ્યાજ તથા તમામ આનુસંગિક ખર્ચાઓ સહીત સદર હરરાજીની તારીખ પહેલા ભરપાઈ કરી જવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ ગયે ઉક્ત મિલકતોની હરરાજી/ વેંચાણ કરી નાખવામાં આવશે અને ઘટતી રકમ, જો કોઈ રહે તો, તે વ્યાજ અને ખર્ચાઓ સાથે ઉધારકર્તાઓ/ જામીનદારો પાસેથી વસુલવામાં આવશે.

**તારીખ: ૨૬-૦૭-૨૦૨૪** **-સહી-**

**સ્થળ: સુરેન્દ્રનગર** **અધિકૃત અધિકારી, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, એસ.એસ.આઈ. ,**

**સુરેન્દ્રનગર**